# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 24-01-2026** **Evening : 7.10 to 7.20 pm**

**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

---

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વર્ચ્યૂઅલ માધ્યમથી ગુજરાત સહિત દેશના 61 હજારથી વધુ નવનિયુક્ત યુવાનોને નિમણૂકપત્ર એનાયત કર્યા.
2. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મોરબીમાં એક હજાર 42 કરોડ રૂપિયાથી વધુના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું
3. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે આકાશવાણી પરથી પ્રસારિત થનારા “મન કી બાત” કાર્યક્રમમાં પોતાના વિચાર રજૂ કરશે.
4. ભરૂચ પોલીસે 48 લાખ રૂપિયાથી વધુની સાયબર છેતરપિંડી કરનારા બે આરોપીને પકડ્યા
5. WPL ક્રિકેટમાં આજે રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુ અને દિલ્હી કૅપિટલ્સ વચ્ચે વડોદરામાં મુકાબલો

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

## REV PM ROJGAR MELA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે નવી દિલ્હીમાં વર્ચ્યૂઅલ માધ્યમથી ગુજરાત સહિત દેશભરના 61 હજારથી વધુ યુવાનોને સરકારી નોકરી માટેના નિમણૂકપત્ર એનાયત કર્યા. 18-મા રોજગાર મેળાને સંબોધતા શ્રી મોદીએ કહ્યું, સરકાર ભારત અને વિદેશમાં યુવાનો માટે નવી તકનું સર્જન કરવાનો પ્રયાસ કરી રહી છે. ભારત અનેક દેશની સાથે વેપાર અને પરિવહન કરાર કરી રહ્યું હોવાથી દેશના કુશળ યુવાનો માટે અનેક તકો સર્જાઇ રહી છે.

**(BYTE: PM NARENDRA MODI) – VIKSIT BHARAT**

શ્રી મોદીએ નવનિયુક્ત ઉમેદવારોને નિમણૂકપત્ર મેળવવા બદલ અભિનંદન પણ પાઠવ્યા હતા. આજના 24 જાન્યુઆરીના દિવસને મહત્વનો ગણાવતા શ્રી મોદીએ કહ્યું, આ દિવસે ભારતીય બંધારણે "જન-ગણ-મન"ને રાષ્ટ્રગાન અને "વંદે માતરમ્"ને રાષ્ટ્રગીત તરીકેની માન્યતા આપી હતી.

**(BYTE: PM NARENDRA MODI) – 61000 YOUTH**

ગાંધીનગરમાં કેન્દ્રીય રાજ્યમંત્રી નિમુબેન બાંભણિયાની ઉપસ્થિતિમાં રોજગાર મેળો યોજાઈ ગયો. સરહદ સુરક્ષા દળ – BSF માટેના નિમણૂકપત્ર મેળવનારાં કોમલ દેસાઈએ પ્રતિક્રિયા આપી.

**(BYTE:KOMAL DESAI - APPOINTMENT LETTER RECIPIENT)**

----------

## CM PATEL IN MORBI

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે દરેક કામ ગુણવત્તા-યુક્ત કરવા પર ભાર આપ્યો છે. મોરબીમાં એક હજાર 42 કરોડ રૂપિયાથી વધુના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરતાં શ્રી પટેલે મોરબીને મળેલા વિકાસ કાર્યો તેમજ ઉદ્યોગ જગતમાં મોરબીની અગ્રણી ભૂમિકા અંગે પણ વાત કરી.

શ્રી પટેલે સ્વચ્છતા રાખવા, જળસંચય માટે જાગૃત થવા તેમજ પર્યાવરણ સંરક્ષણ માટે લીલું આવરણ વધારવા સૌને અનુરોધ કર્યો. સાથે જ તેમણે વિકસિત ગુજરાતથી વિકસિત ભારત બનાવવાનો વિશ્વાસ પણ વ્યક્ત કર્યો હતો.

**(BYTE: BHUPENDRA PATEL, CHIEF MINISTER)**

----------

## SURAT ISHWARSINH PATEL

પાણી પૂરવઠા રાજ્યમંત્રી ઇશ્વરસિંહ પટેલે સુરત અને નવસારીમાં 188 કરોડ રૂપિયાના નહેર સુધારણા કાર્યોનું નિરીક્ષણ કર્યું. દક્ષિણ ગુજરાતમાં ઉકાઈ-કાકરાપાર કમાન્ડ વિસ્તાર હેઠળ આ બંને જિલ્લામાં કામ ચાલી રહ્યું છે.

આ અંગે શ્રી પટેલે કહ્યું, નહેર સુધારણા અંતર્ગત કાચી નહેરની કોન્ક્રીટ લાઇનિંગનું કામગીરી કરવામાં આવી રહ્યું છે. તેના કારણે જમીનમાં ઉતરી જતા પાણીનો બગાડ અટકશે અને પાણીના લિકેજની સમસ્યાનું નિવારણ આવશે. ખેડૂતોને ખેતરે જવા-આવવા તથા

ખેતપેદાશના પરિવહન માટે સરળતા રહે તે હેતુથી નહેરોની બાજુમાં પાકા રસ્તા બનાવવાના કામનો પણ આ પરિયોજનામાં સમાવેશ કરાયો છે.

----------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....................................

## RAJU BAROT DEMISE

ગુજરાતી રંગભૂમિના દિગ્ગજ કલાકાર રાજુ બારોટનું 76 વર્ષની વયે અવસાન થયું. ઉત્તરાખંડના પ્રવાસ દરમિયાન તેમને હૃદયરોગનો હુમલો આવ્યો હતો. તેઓ છેલ્લા 50 વર્ષથી અભિનય અને દિગ્દર્શન ક્ષેત્ર સાથે સંકળાયેલા હતા. તેમણે વડોદરા, દિલ્હી, અમદાવાદ સહિત અનેક જગ્યાએ જુદાજુદા નાટક ભજવ્યા અને મુખ્ય અભિનેતા તરીકે સક્રિય રહી નાટકનું દિગ્દર્શન પણ કર્યું હતું.

સ્વર્ગીય રાજુ બારોટે ટેલિવિઝન શ્રેણીઓ અને ફિલ્મોમાં પણ મહત્વના પાત્ર ભજવ્યા હતા. તેમજ નાટ્ય સ્પર્ધાઓમાં જજ તરીકે નિર્ણય કર્યા હતા. ગુજરાત રાજ્ય સંગીત નાટક આકાદમી અને દિલ્હી સ્થિત નેશનલ સ્કૂલ ઓફ ડ્રામા – NSD દ્વારા તેમનું સન્માન કરાયું હતું. તેમની રંગભૂમિ ઉપર ભજવાયેલા યાદગાર નાટકોમાં પરિત્રાણ, સોક્રેટિસ, કૈકેયી વગેરેનો સમાવેશ થાય છે.

----------

## PM MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે સવારે 11 વાગે આકાશવાણી પરથી પ્રસારિત થનારા “મન કી બાત” કાર્યક્રમમાં વિવિધ વિષય પર પોતાના વિચાર રજૂ કરશે. માસિક રેડિઓ કાર્યક્રમની આ 130મી કડી હશે. હિન્દીમાં “મન કી બાત”ના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, આકાશવાણી સમાચારની વેબસાઇટ અને ન્યૂઝ ઑન A.I.R, મૉબાઇલ ઍપ્લિકેશન પર પણ પ્રસારિત કરાશે. તેમજ આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પ્રધાનમંત્રી કાર્યાલય – PMO તથા માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુ-ટ્યુબ ચેનલ પર પણ “મન કી બાત” કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરાશે.

ઉપરાંત આવતીકાલે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્ર પરથી “મન કી બાત” કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

----------

## GIRIRAJ TEXTILE SECTOR

ભારતીય કાપડ ઉદ્યોગે ગત એક દાયકામાં નોંધપાત્ર વૃદ્ધિ નોંધાવી છે. વર્ષ 2014માં આઠ લાખ ચાલીસ હજાર કરોડ રૂપિયાથી વધીને હવે આ ઉદ્યોગ અંદાજે 16 લાખ કરોડ રૂપિયાનો થયો છે. કાપડ ઉદ્યોગ દેશના સૌથી મોટા રોજગાર સર્જન કરનારા ઉદ્યોગમાંથી એક તરીકે પણ ઉભરી આવ્યો છે.

નવી દિલ્હીમાં 74-મા ભારતીય આંતર-રાષ્ટ્રીય કાપડ મેળાને સંબોધતા કેન્દ્રીય કાપડ મંત્રી ગિરીરાજ સિંહે કહ્યું, સ્થાનિક બજાર પણ છ લાખ કરોડ રૂપિયાથી વધુને વર્ષ 2025 સુધીમાં 13 લાખ કરોડ રૂપિયા થયું છે. તેમણે કહ્યું, કોરોના મહામારી બાદ નિકાસમાં 25 ટકાથી વધુનો વધારો થયો છે.

----------

## RAJKOT -TRAIN -CANCEL

અમદાવાદ-વિરમગામ સેક્શન પર ઓટોમેટિક સિગ્નલિંગ કામગીરીને કારણે રાજકોટ ડિવિઝન પરથી પસાર થતી કેટલીક ટ્રેનને અસર થશે.

તે મુજબ જામનગર–વડોદરા ઇન્ટરસિટી એક્સપ્રેસ 27 અને 28 જાન્યુઆરીએ રદ રહેશે. જ્યારે વડોદરા–જામનગર ઇન્ટરસિટી એક્સપ્રેસ 26 અને 27મીએ રદ રહેશે. તો ઓખા–અમદાવાદ વંદે ભારત એક્સપ્રેસ 27 જાન્યુઆરીએ સાબરમતી–અમદાવાદ વચ્ચે એક જ ફેરા માટે આંશિક રીતે રદ રહેશે. આ ટ્રેન તેના નિર્ધારિત રૂટ વાયા વિરમગામ–સાણંદ–સાબરમતી–અમદાવાદને બદલે પરિવર્તિત માર્ગ વાયા વિરમગામ–કટોસણ રોડ–કલોલ–સાબરમતી માર્ગ પરથી દોડશે.

દરમિયાન આ ટ્રેનને સાણંદ અને સાબરમતી જંકશન પર સ્ટોપેજ નહીં અપાય અને સાબરમતી બીજી (બ્રોડ ગેજ) સ્ટેશન પર સ્ટોપેજ અપાશે. આ ટ્રેન સાબરમતી જંકશનને બદલે સાબરમતી (બીજી) સ્ટેશન પર યાત્રા પૂર્ણ કરશે.

----------

## RIVABA JADEJA SURENDRANAGAR

શિક્ષણ રાજ્યમંત્રી રિવાબા જાડેજા સુરેન્દ્રનગરના ખાંભડા ગામમાં નવનિર્મિત કસ્તૂરબા ગાંધી બાલિકા વિદ્યાલયના લોકાર્પણ સમારોહમાં ઉપસ્થિત રહ્યાં. તેમણે અંદાજે સાત કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થયેલા આ પરિસરની મુલાકાત લીધી. સાથે જ મંત્રીશ્રીએ શાળાના વર્ગખંડ, ભોજન વ્યવસ્થા અને અન્ય સુવિધાઓનું નિરીક્ષણ કરી જરૂરી માર્ગદર્શન આપ્યું.

ત્યારબાદ સુશ્રી જાડેજાએ શાળા વ્યવસ્થાપન સમિતિ સાથે બેઠક યોજી, જેમાં તેમણે વાલીઓને સરકારી યોજનાઓનો મહત્તમ લાભ લઈ

દીકરીઓનું ભણતર પૂરું કરાવવા અને અધવચ્ચેથી શાળા ન છોડવા માટે અપીલ કરી.

----------

## BHARUCH CYBER FRAUD

ભરૂચ પોલીસે ઑપરેશન મ્યૂલ હન્ટ હેઠળ સાયબર છેતરપિંડી કરનારા બે આરોપીને પકડ્યા છે. અમારા પ્રતિનિધિ વાહિદ મશહદી જણાવે છે, પાલેજ પોલીસે સાત રાજ્યમાંથી સાયબર છેતરપિંડીમાં 48 લાખ રૂપિયાથી વધુની રકમ મેળવનારા બંને આરોપીને સાંસરોદથી પકડવામાં આવ્યા છે.

પોલીસે પાલેજમાં શરૂ કરાયેલા મ્યૂલ ઍકાઉન્ટ એટલે કે, ગેરકાયદેસર નાણાની હેરાફેરી માટે ઉપયોગમાં લેવાતા ખાતાની માહિતી મેળવી. ત્યારબાદ તપાસ કરતા આરોપીઓએ ગુજરાત, મહારાષ્ટ્ર, કર્ણાટક, તેલંગાણા, દિલ્હી, ઉત્તરપ્રદેશ અને રાજસ્થાનમાં સાયબર છેતરપિંડી કરી હોવાનું જણાયું હતું.

----------

## EVE VADODARA WPL MATCH

મહિલાઓની પ્રીમિયર લીગ – WPL ક્રિકેટમાં આજે રોયલ ચૅલેન્જર્સ બેંગ્લુરુ અને દિલ્હી કૅપિટલ્સ વચ્ચે મુકાબલો થશે. વડોદરામાં કોટમ્બીના BCA સ્ટૅડિયમમાં હમણાં સાડા સાત વાગ્યે આ 15-મી મૅચ શરૂ થશે.

હાલમાં મળતાં અહેવાલ મુજબ, *<u>જેમિમાહ રોડ્રીગ્ઝની આગેવાની હેઠળની દિલ્હી કૅપિટલ્સની ટીમે</u>* ટૉસ જીતીને *<u>બૉલિંગ</u>* પસંદ કરી છે.

ઉલ્લેખનીય છે કે, WPL પૉઇન્ટ્સ ટૅબલમાં બેંગ્લુરુની ટીમ પહેલા અને દિલ્હી કૅપિટલ્સની ટીમ ચોથા ક્રમાંક પર છે.

----------

# TABLE TENNIS

ટૅબલ ટેનિસમાં દિયા ચિતાલે અને રાજ્યના માનુષ શાહની જોડીએ ગઈકાલે ઓમાનમાં W.T.T કન્ટેન્ડર મસ્કત 2026નો મિક્સ્ડ ડબલ્સ ખિતાબ જીતી લીધો.

આ જોડીએ ફાઈનલ મુકાબલામાં ચીનનાં હુઆન્ગ યુઝેન્ગ અને શી શૂન્યાઓને 3—2થી હરાવી W.T.T. કન્ટેન્ડર સ્પર્ધામાં પોતાની બીજી મિક્સ્ડ ડબલ્સ ખિતાબ જીત્યો.

. . . . . . . . . . . . .